૫૨૭૯

આવૃત્તિ પેહેલી



સુબોધ
કલગી ગાયન સંગ્રહ

ભાગ ૧ લો.

જલસાઓ [illegible] [illegible]કોમાં ગવાતા
કલગી [illegible] સંગ્રહ.

[illegible]ગનાર, [illegible] [illegible]રવાનજી.

આ [illegible] [illegible] કરાવેલું છે
આ [illegible] પ્રગટ કરનાર
[illegible] [illegible]રઅલી નો છે

[illegible] ૧૯૬૩ [illegible]પ્રીલ.

[illegible] મુંબઇ.



કીંમત ૬ આના

પ્રગટ કરનાર. એસ. એચ. [illegible]રજી.
(પ્રોફેસર ઓફ ઇન્ડીયન અને [illegible]
[illegible]—મુંબઈ [illegible])
ઠેકાણું—ચીચબંદર [illegible] રસ્તો [illegible]

યાદ રાખો!
ના ફિડલ એકારડિયન
અથવા
કનસરટિના વગાડવા
શિખવું હોયતો
ફિડલ—ચાવીબુક
એકારડિયન—ચાવી
અને
કનસરટિના—ચાવીબુક
એમ. એચ. મેહેર-
આલીની રચેલી
તપાસીને લેજો.



યાદ રાખો!!
ના ફિડલ એકારડિયન
અથવા
કનસરટિના વગાડવા
શિખવું હોયતો
ફિડલ—ચાવીબુક
એકારડિયન—ચાવી
અને
કનસરટિના—ચાવીબુક.
એમ. એચ. મે
આલીની ર

૫૨૭૯

સુબોધ કલગી ગાયન સંગ્રહ.

ભાગ ૧ લો.

પરનારીની પ્રીત કરવા વિષે.

ઝંઝોટી.

ખારથી ખારી દુખ દેનારી બલાછે ભારી પરનારી,
જીવ લેનારી અકારી મીઠી ઠગારી પરનારી—ટેક.
જંગલ જંગલ ભટકાવે રખડાવે સતાવે પરનારી,
હરદમ રડાવે દરાવે માર મરાવે પરનારી.
ગરદંન કપાવે પૈસો તજાવે મન લુભાવે પરનારી,
ધરમ છોડાવે લઢાવે કલેશ કરાવે પરનારી.
કિરતી તમારી ભુલે મકારી એવીછે સ્યારી પરનારી,
જીવ લેનારી અકારી મીઠી ઠગારા પરનારી.

૧

જીવને બીગાડે બુરાઇ વધારે તજે જવારે પરનારી,
ન પાર ઊતારે ન ધારે કોઈને વિચારે પરનારી.
ખાસડાં મારે ભોંય પછાડે તાલિ વજાડે પરનારી,
પારી મીટાડે સમારે કદી ન તારે પરનારી.

દીધે વિસારી તમારી યારી એવી લુટારી પરનારી,
જીવ લેનારી અકારી મીઠી ઠગારી પરનારી.

૨

સેજથી ઊડાડે ભોંય સુવાડે કાલજું કાહાડે પરનારી,
શંકત પાડે રમાડે હાથ ધોવાડે પરનારી.
દયાનત ગમાડે કરડવા માંડે નાચ શીખાડે પરનારી,
લોભ દેખાડે સવાદે ખાય હર દહાડે પરનારી.
આહારથી પુજારી નઘેથો હુતારી ઘુરૂ કેનારી પરનારી,
જીવ લેનારી અકારી મીઠી ઠગારી પરનારી.

૩

ઝેર દેનારી ઝેર કતારી વ્યભીચારી પરનારી,
નસરવાન ધારી, વીચારી કહે ભીખારી પરનારી.
કરાવે જારી ઘરથી કાહાડી કરે ખુવારી પરનારી,
સઊ સનસારી ને કહું વીસ્તારી ભુનારી પરનારી.
અદલ પૂકારી કહે લલકારી મેં તો નીવારી પરનારી,
જીવ લેનારી અકારી મીઠી ઠગારી પરનારી.

ધરજુની ઓરતના ગીત વીશે.

લાંઅણી.

પ્રાંનથી પ્યારી પાર ઊતારી મુકે બીમારી ઘરનારી,
પરોપકારી ભક્તિ કરનારી પુંજારી ઘરનારી—ટેક.
દુખથી કંતાલે ન કોઈ કાલે પ્રેમથી પાલે ઘરનારી,
જીવને સંભાલે જીવ આલે પ્યારથી ન્યાલે ઘરનારી,

સંકટ વાલે જીવને ન બાલે અનિતી ટાલે ઘરનારી.
કુકમથી ચાલે ન ઘર ઘાલે ન વટાલે ઘરનારી.
ચાલ સુધારી ચાલે વિચારી નિત સુખયારી, ઘરનારી
પરોપકારી ભકતિ કરનારી પુંજારી ઘરનારી,

૧

તમને સુધારે નહીં કુધારે માંન વધારે ઘરનારી,
પાર ઊતારે, જેવારે પરનો તે વારે ઘરનારી.
દુખને વીસારે હીમત ન હારે રહે ઘરબારે ઘરનારી,
નેક વિચારે ઉધારે દુખથી તારે ઘરનારી.
તાલે બિમારી હરદમ તમારી સુખ દેનારી ઘરનારી,
પરોપકારી ભકતી કરનારી પુંજારી ઘરનારી.

૨

દુઃખ ભુલાવે બદિ તજાવે માન અપાવે ઘરનારી,
ફાંસીથી બચાવે, બનાવે સેજ બીછાવે ઘરનારી.
દુઃખપર આવે મદદ બુલાવે દુઃખથી છુડાવે ઘરનારી,
હરદમ હસાવે પતાવે નહી સતાવે ઘરનારી..
સરવેથી ન્યારી થઇ ફરનારી ભલું કેનારી ઘરનારી,
પરોપકારી ભકિત કરનારી પુંજારી ઘરનારી.

૩

જગની માંહે કદી હસાઈ કરે ન ભાઇ ઘરનારી,
સઉથી ભલાઈ કરે નરમાઇ સવાઈ ઘરનારી.
નસરવાંન જીજીભાઇ ગાઈ કહે દીયે વધાઇ ઘરનારી,
તજે લેકાઇ શેખાઇ કરે ન કાંઈ ઘરનારી.

અટલ પુકારી કહે ગુનમારી સદાછે મારી ધરનારી,
પરોપકારી ભક્તિ કરનારી પુંજારી ધરનારી.

રંગત જંગારી

જાણ્યો કલીનો જુગ પીતાને પુતરમાં બીગાડ અપાર,
નાપાક જેવા, ઊરમા કરે નહીં વીચાર લગાર.
વદે મુખથી વાત બુરી નાદાન પતીને નાર ગમાર,
નાંખન વેદા, કરે પની વરતા થઈ બદકાર બહાર.
રહે દુર સઉ બાલી મતીથી કુકર્મ કરવા તઇયાર હજાર,
અરથી અભાગી, તેઓનાં જીવવાપર દીલદાર ધીઃકાર.
રહે પીતા પુતરીથી છાંનો રાખે આડો વેહવાર ગમાર,
નાપાક જેવા, ઉરમાં કરે નહીં વીચાર લગાર.

ચોક ૧.

દેખી નાસો સઉ દુર એવાથી નહીંતો પડસે જમને,
મારચાર,
સતવાદીના, સાથી થઇને રહેજો હરબાર હુસ્યાર.
રતી રતીનાં ફેરમાં કરે છે દોથ ઊપર દોથદાર વહાર,
નહીં પીછાંને, મીત્રાને કરે મીત્ર લાચાર ખુવાર.
શરમ ધરમ જેતજી ફરે તે પહોંચે નહીં હરદવારે દુવાર,
નાપાક જેવા, ઉરમાં કરે નહી વીચાર લગાર.

ચોક ૨.

રમી અધંમ નીત બુરાઈ અંદર કહે કરો કીરતાર સહાર
વાંસે ગુજની, કે કરમી હરદમ બીજનહાર સહાર.

નકં કુંદનો કેવો ઊઠાવે શીશ ઊપર દીનદાર બાર,
જીવો જાનથી, સુખી ભગવતને કહે ગફ્ફાર ઉધાર.
કરે કલીમાં સતવાદી થઈ કુકર્મ બેસુમાર જાર,
નાપાક જેવા, ઉરમાં કરે નહીં વીચાર લગાર.

ચોક. ૩

લરજે પાછલ કરી કુંકર્મ થાએ મુજી ગમખાર જીઆર,
ગીઆંની નશરતાં, કહે અંત સમે કરે બેકરાર પુકાર.
બાત વદંનથી બોલ વીચારી રૂચતીમ કહે લલકાર સુધાર,
લાયક ખ્યાલ મેં, બનાંવી ગાયો છે ગુલબાર ઉચાર.
અબદુલ હુંસેન કહે ગુરૂ અદલ દુશમન પર થયો સરદાર
સવાર,
નાપાક જવા, ઊરમાં કરે નહીં વીચાર લગાર.

સુરત સહેરે વીશે

લંગરી રંગત.

બીજું શહેર કોઈ હતું ન પારો રળીઆમણું કહું સુરત
સમાન,
આમ ને રેલે, કીધી સુનેરી સુરતને કેવી વીરાંન—ટેક.
પ્રથમ રેલ આવીથી સમજો સન સતરસો છોતેરમાં,
કરૂં શું વરણુન, પાણી ખુબ ચડી ગયાં કઈ એક ઘેરમાં
ભગવતને જલ રૂઠીઆ બને પાણી ફેલાયું ચોમેરમાં,
થયો પુકારો બારે ગભરાત થયો સારા શેહેરમાં.

શેર.

આવી બારે રેલમાં કંઈએક ઘર, તણાઈ ગયાં,
મંસ હવેલી થઈ ફના ઝુપડાં સરીખાં રહી ગયાં.

હાએ હાએ આ તે ગજબ કીરતાર છે તારો કેવો,
રંકના સઊ રાએ ને વળી રાએનાં રંક થઇ ગયાં.
અપાર હાંણી થઈ જર ધનની વલી હજારોની મોકાંણ
આગ ને રેલે કીધી સોનેરી સુરતને કેવી વેરાંન.

૧

સંન સતરસો સત્તાણુમાં રેલ બીજી આવી ભારી,
શહેર સુરતમાં હજારો નીરદોશોની થઇ ખ્વારી.
જર ધન સરવે તજી પોતાનું નીકલી ગયાં કંઈ નરનારી
હાએ હાએરે ન આવી કીશમતે કોઈને યારી.

દોર.

તાપી માતાએ કીધી ખ્વારી હજારો જાંનની,
જોઈને ફાટે જીગર હાલત બુરી ઈનસાંનની.
કોઈ રંડ કોઈ તલમલે વલી કોઈ લુટે ને કોઇ કુટે,
થઈ ગઇ બરબાદી કહું ઇનસાંન અને હએવાંનની.
બનવાનું જે હોય કરંમમાં બન્યા ઓવા નહીં રહે ગુ
ણવાન,
આગ ને રેલે કીધી સોનેરી સુરતને કેવી વેરાંન.

૨

અઢારશો બાવીસ માસ શ્રાવણનો કહું સમજે વી
સ્તાર,
ત્રીજી રેલ એક આવી તાપીમાં ભારે સમજો સત સાર.
તણાઇ ગયાં ઘરબાર કંઇકનાં થયો શેહેરમાં ગમનો
પુકાર,
જરદારોનું ગયું જર ધન થયાં નીરધંન લાચાર.

શેર.

કોઇ રડે માથાને ફોડી, કોઇ કરે હાએ હાએજી,
કોઇ, તજે જર, ધંન, ને, ઘરમાંથી નીકલી જાએજી.
જોઇ નીરદોશોની દશા, આંખથી આસું પડે,
નીરદોશ બાળક દુડમાંનાં, નીરમાં ગોઠા ખાએજી.
પશુ પક્ષી હેવાંન હજારો ગયા કંઇ ઇનસાંનનાં પ્રાણ,
આગ ને રેલે કીધી સોનેરી સુરતને કેવી વેરાંન.

૩

ભારે આગ એક લાગી પરથંમ ૧૮ સો ૩૭ અંદર,
હીંદુ લોકનો હતો તે વખતે માસ સમજે ચેતર.
મુળ થયું તું પ્રથમ કોઇ પારસીના ઘરમાંથી દીલબર,
માછલીપીઠને થયો નાણાંવટનો જીલ્લો આખર.

શેર.

ચઉટું કેલાંપીઠ પોલ હરમાનની, સોની ફલિયું સહ,
આતમારામ ભુખણનો મોહલો, લઇને ચકલામાં ગઈ.
ગાડીવાલાનો હતો તે સાત કહું અતીઅંત જુલમ,
સામન ભરે તેઓ પાંચથી પોનોસો રૂપીઆ હાથ લઇ.
હાએ હાએ આ કેવો ગજબછે અજબ તારો ગેબી
યઝદાંન,
આગ ને રેલે કીધી સોનેરી સુરતને કેવી વેરાંન.

૪

આગ રહી બે દીવસ સુધી ૭ હજાર ઘરો બલ્યાંછે ઘેર ભસમ
બલ્યાં સાથમાં, પાંચસો માણસની ત્યાં ગણાઈ રકમ.

ભસમ થયાં દસ હજાર જનાંવર, નીરદોશોપર થયો
જુલમ,
હાયરે દેવતા ઊતરયો કોપ અજબ તારો એકદમ.

શેર.

માનવી સીતેર હજાર કહું થઈ ગયાં કંગાલજી,
સવા બે કરોડની હાંની થઈ સત કહું છું તેનો હાલજી
આવો ગજબ કોધ શેહેરપર, થયો નથી કોઈબી સમે,
આવી બીજી એક રેલ સમજો, એજ હતું કહું
સાલજી.
નાશ કીધું સઉ ફુળફુળાદી તાણાઇ ગયાં કંઇએક મકાંન,
આગ ને રેલે કીધી સોનેરી મુરતને કેવી વેરાંન.

સને અઢારસો તેઆસી અંદર રેલ બીજી આવી
ભયંકાર
હાલ જોઇને આંખથી પાણી પડે સઉના નવધાર.
યાદ કરે કોઈ માત પીતાને કોઇ કરે પુકાર અપાર,
કોઈ ફ્રરજંદને કેડમાં લઇ દોડે રસ્તે નીરધાર.

શેર.

શેહેર છોડીને ગયાં દોઈ ઝાડપર બેઠાં ધરી,
કાંન દઇ સમજો તમે એક વાત કહુંછું ખરી.
હમેલદાર એક ઓરતનો હમેલ છુટો ઝાડપર,
હાથમાં સનતાન લઇ રહી ઝાડ ઊપર ખુશીભરી,

થયો સહાય ભગવાન તેણીને રહ્યું સલામત તે સનવાન,
આગને રેલે કીધી સોનેરી સુરતને કેવી વેરાન.

૬

છેલ્લી આગ એક લાગી જારે, સાલ અઠારસો નેવયાસી
સુરત સોનેરી સુરત થઇ અગની માતાની દાસી.
સવા કરોડની થઇ નુકસાંની એવી ગણત્રી થઇ ખાસી,
શેહેર વણ્જીને, તજીને શેહેર ગયાં કંઈએક નાસી.

શેર.

ત્રણ હજાર ઘેરા બળીને થઇ ગયાં ખાખજી,
નેનથી વરસાવી આસું કંઇ જણાંએ રોયજી.
તારીખ હતી છઠી વળી દીવસ હતો સનીવારને,,
ગામે ગાંમોનાં લોકો આવી ઊભાં રહી જોયજી.
વૃધ્ધ રૂવે કંઇએક નરનારી કંઈક રૂવે ઊભા રહી જવાંન,
આગ ને રેલે કીધી સોનેરી સુરતને કેવી વેરાંન.

૭

છુટા તારપર તાર સરવેને મુંબઇ અંદર પડી ખબર,
સ્પેશયલ ટ્રેનો, તરેનો છુટી બેઊ અેકેક ઉપર.
રૂપયા પાંચથી આંઠ રેલવેવાળાએ ટીકીટનો રાખ્યો દર,
નસરવાંન કહે આજ્ઞા કેવી થઇ તારી પરવર.

શેર.

રેલવેવાળાઓના ખીસા થઇ ગયા ભરપુરજી.
કોઇ રડે કુટે ને કોઇ લુટવાનું રાખે કામજી.

ફ્રરસરાંમ રૂસતમ કહે વીનંતી કરી કહીયે હમે,
રહેજો સરવે હરીનાં ધ્યાનમાં ચકચુરજી.
અદલ કહે મેં ખ્યાલ બનાવી પુરો કીધો સઉનો અ
રમાન,
આગ ને રેલે કાંધી સોનેરી મુરતને કરી વેરાન.

૮

કાયા માયા જુઠીછે એ સત કરી જાણુંછ તમે,
કાજ શા માટે પછી ભુડાં કરોછો મન ગમે.
કાળાં કરતુક નાં કરો જીવ કાલ લેશે કોઈ સમે,
કાવસ અદલ કહે આ સખી તારો સખીપર કહી હમે.

વીજલી આગ છુટ વીશે

લુંગરી.

ધન ધન કીરપાલુ પરવર તે કાજ કીધાં તારાં મન
ધાર્યાં,
ડુબાડી વીજલી સાગરમાં અનેક મનુષ્યોને માર્યાં.
ધ્યાન ધરીને સમજો સજંન સાંઝે વીજલી સ્ટીમરનો
વીસ્તાર
સને અઢારસો ઈઠયાસી માસ નવેમબરનો કહું સાર.
તારીખ આઠમી સમજો ભાઈ અને હતો દિવસ ગુરૂવાર
કછમાંડવીથી ઉતારૂ બેસી નીકલ્યાં કંઇક નરનાર.

શેર.

સાર સત કહું ભાઈ તમને સમજો સરવે ધ્યાન ધરી,
સાતસો ઉપર વળી, પચાસ માણસ લઇ કરી.

ઊતારૂ સાથે માલ લઈને વીજલી બરદરીયે પડી,
રૂપેન બંદર થઇ દવારકાં, આવી લાગી જોશ ભરી.
દુવારકાં, બંદરપર સેજસાજ ઊતારૂને માંહેથી કાઢયા,
દુખાડી વીજલી સાગરમાં અનેક મનુષ્યોને મારયાં.

૧

દોહોડસો પાંતરીસ લઇને ઊતારૂ વીજલી ત્યાંથી નીકલી ગઇ,
અધવચ રસ્તે ભારે તોફાંન અંદર વીજલી સપડાઇ.
મેધરાજે પણ કીધી મુસાફરી, ગરજે ગગન વીજ મુઈ
તુફાંન ખાતી પોરબંદરપર આવી સમજો ભાઇ.

શેર.

માહેતમ ત્યાં થઇ રહી કહું સાર સત છે બ્યાનમાં,
શોરોર ત્યાં ખુબ થઇ રહયો કેપટન ઉભોછે ધ્યાનમાં.
વમલમાં વીજલી પડી જેવી દરયાઇ ચોગાનમાં,
ગુમ થઇ વેરાવલથી તે પાછી ન આવી જાનમાં.
જીવતા જીવત અનેકજનોને પ્રભુ તેં જલમાં સમાવ્યાં,
દુખાડી વીજલી સાગરમાં અનેક મનુષ્યોને મારયાં.

૨

જોઇ ભારે તુફાંન ને રડવા લાગાં સઉ નરનાર અપાર,
કરંગને કુટી સઉ નીરધાર કરે છે શોહોર પુકાર.
કોઈ કહેછે રડી કુટીને, રાખો લાજ મારી કીરતાર,
કોઇ.બીચારો, નેત્રથી નીર વરસાવે જોઇ ચોધાર.

શેર.

તાત રોએ જોઇ પુત્રને અને પુત્ર રોએ જોઈ તાતને,
સાથી રોએ જોઇ દોસ્તને દોસ્તદાર રૂએ જોઈ સાથને.
મોહોરદાર કંઈક ઝાલી રહી, મજબુત પતીનાં હાથને,
જાત રૂયે પરજાત જોઈ, પરજાત રૂયે જોઈ જાતને.
ઉમેદવારનાં ઉમેદી કાગજો ભગવતરાજે નહીં સાચવ્યા
દુખાડી વીજળી સાગરમાં અનેક મનુષ્યોને પચાવ્યા.

૩

ઊપર ગગન ને નીચે નીર જોઇ હીંમત સઊ કોઇએ હારી,
હાય હાયરે કીધી યમદુતે હજારોની ખ્વારી.
કોઈ કરેછે શોહોર પુકાર અને કોઈ પાડેછે ચીચયારી,
આવી કેપટન ધીરજ દઇ કહે કરો ના દીલગારી.

શેર.

કોઇ કેપટનને નામે, અને કોઇ દીએછે ગાળજી,
હાયરે કેપટન તમે લીધી નહી સંભાળજી.
એટલામાં યમદુતે આવીને બીછાવી જાળજી,
વીજળી, દુખાડી સઊને કીધાં પાયામાલજી.
મરેછે સરવે તારા મારયાં તરે પ્રભુ તારાં તરાવ્યાં,
દુખાડી વીજળી સાગરમાં અનેક મનુષ્યોને પચાવ્યાં.

૪

જાન આવતો હતી તેમાં પરણવાને કાજ કહું ચતુરસુ
જાણ,
હસી ખુશીથી નીકળ્યાં હતાં તેઓ સમજો પરી ધ્યાન.

ભંગ થયો તેમની આશાનો થયો કોપે તેપર ભગવાન,
એક ન બચયું મુવાંછે ડુબી સઊ સાગર દરમ્યાન.

શેર.

કોઇનું મન રહ્યું જગતીમાં ને કોઈનું મન રહ્યું
ભ્રાંતમાં,
કોઈનુ મન રહ્યું પુત્રીમાં ને કોઇનુ મન રહ્યું માતમાં
કોઈનુ મન માશુકમાં, કોઈનુ પતીની વાતમાં,
કોઇનુ મન ફ્રરજંદમાં અને કોઇનુ મન રહ્યું સાથમાં
અહો પ્રભુ એક હજાર માનવી તારાં હુકમ સામે
હારયાં,
ડુબાડી વીજલી સાગરમાં અનેક મનુષ્યોને મારયાં.

૫

વૃધ હતાં કંઇએક નરનારી કંઇક હતાં બાલક નાંના,
જુવાંન કંઇએક હતા પરણેલા કંઈએક પરણવાના.
કંઈક હતા પ્યાસા પ્યારીના કંઇક હતા ભુખા માના,
કહેન કાલના, કાલનાં કહેન ન પાછા વલવાના.

શેર.

હારીને યમદુતથી સરવે થયાં ઊદાસજી,
કૈલાસવાસી થઈ ચુકાં, સઊએ કીધો જલવાસજી.
હાથ લાગી નહીં કોઇની, એકબી પણ લાસજી,
જલનાં પેટમાં થયાં બંધ સરવે કોઇનાં સ્વાસજી.

કોઈએ કુટયું સીર પોતાનું કોઇએ વસ્ત્ર તનપર ફાડયાં
દુખાડી વીજલી સાગરમાં અનેક મનુષ્યોને મારયાં.

૬

કોઇએ માંનત માની પીરની, કોઇએ કીધી અતીઅંત માતમ,
કોઇ રતનાભર જઇને અરજ કરવા લાગાં ચોગમ.
વીજલી નારી કરે શું પ્યારી કાળ નરને નહીં આવી રહેમ,
નસરવાન કહે જેથી કુલ તુરાવાલાનાં ફૂટાં કરમ.

શેર.

ફરશરાંમ એમ કહે થયા અંતે સઉ તારાજજી,
બેરહેમ થયો કાળનર તેની તનેછે લાજજી.
રૂસતમ ફરેદુન કહે સદા અમરછે કલગી તાજજી,
ખ્યાલ પર તું ખ્યાલ સમજી લે મુરખ મન આજજી.
કહે અદલ લલકાર આજ મેં કુલ દુશમનનાં સર વારયાં,
દુખાડી વીજલી સાગરમાં અનેક મનુષ્યોને મારયાં.

લંગરી.

ભકતી કર નર તું ભગવતની ભવસાગરમાં તરી જશે,
તન સરશીથી, જીવ તારો ફુલની બરાબર ખરી જશે.
પતંગ સરીખો પ્રાન ઉડીને તનથી નીકલી જાશે ભ્રાત,
તેવારે તારી, સાથ કોઇબી ન આવસે માત કે તાત.
ભાઇબીરાદર, દોસ કુટુંબ કોઇબીન સમજસે તારી વાત,

કહીદે પ્યારા, કાળની સાથ તું કરસે કેમ ઉદમાત.
તજો લોભ લાલચ અભેમાંની કાજ તમારાં સરી જશે,
તન સરશીથી, જીવ તારો ફુલની બરાબર ખરી જશે.

૧

ધંન દોલત સઉ માલ ખંજાનો જયાંનું ત્યાં રહેશે ઘરબાર,
હાત છાતીપર, ધરીને જશે છેવટ એખલો નીરધાર.
નીરધંનને કર દાન,ને હરદંમ રંક ઉપર કરતો રહે પ્યાર,
સીવાએ નેકી, બીજું કાંઈ કરતો નાં તું કાજ લમાર.
કરણી જેવી કરસે તેવી ભરણી જગમાં ભરી જશે,
તન સરશીથી જીવ તારો ફુલની બરાબર ખરી જશે.

૨

માયા, ગર્વ, ગુમાંન, ન રહેશે જુઠો દોર તુફાનીનો,
અગર જો કરણી, બુરી કરસે તો પાર નહીં હાંણીનો.
નમતું તેને ઉરમાં ધારી ગુન તે એક માંહાં જ્ઞાંનીનો,
સીવાએ તેનાં, નથી કોઈ બીજો તેની સાંનીનો.
કએલાસવાસી થશે તે નર, જે પાપથી પ્યારો ડરી જશે,
તન સરશીથી, જીવ તારો ફુલની બરાબર ખરી જશે.

૩

ગર્વ ગુમાંન સઉ તજી દીઓ કરજો હરદમ સરવેથી ભલાઇ,
યાદ ખુદાની, ખુદાની યાદ કરો દીલની માહીં.
નશરવાંન કહે કરેછે તુજથી રૂશતમ ફરેદુંન સરસાઇ,

ફરશરામ કહે, દીએ ચાપુરજી જવાબ તુજને ગાઇ.
અદલ કહે કર નેકી એક શેજ, ફાંની જહાંનથી મરી જશે,
તન સરખીથી, જીવ તારો ફુલની બરાબર ખરી જશે.

ઠુંગરી.

ભકતોને બસ નાંમ સીવાએ તેના સઘલું અકારૂં છે,
ભગવતનેબી, કામ ભકતોનું ઘણુંએક પ્યારૂં છે.
માટે કહુંછું ગ્રુનીજનો હું નેકીનું સઉ જાંમ ભરો,
માલ ખંજાનો, જયાંને ત્યાં રહેશે સરવે ગાબ ઘરો.
મનમાં મગન રહો નેકી કરીને વૈંકુટને સઉ ઠામ ચાહો,
માંન મેળવો, જગતમાં કીરતીનું અતી દાંમ રડો.
ભાવ ભગ્તોને અતી શાંમનો સીવા તેનાં સઉ ખારૂં છે,
ભગવતનેબી, કામ ભગતોનું ઘણુએક પ્યારૂં છે.

૧

નાલેસી નીંદામાં પડીને ન તાવો ખોટાં તાંનમાં તંન,
ન કર તું જગમાં રહીને સઊ જુઠાં તુંફાનમાં ફંન.
નથી તેની કુદરતનો પાર તે ચાહે તો કરે રાંનમાં રંન,
નર માટે તું, ભકતીને રાખી ઠેકાંને ભાનમાં બંણુ.
ભકતી શાંમની અતી કાંમની એટલું કેહેવું માંરૂં છે,
ભગવતનેબી, કામ ભકતોનું ઘણુંએક પ્યારૂં છે.

૨

રહે કદી નહીં મરવા સીવા ચાહે એટલોબી સંસ્કાર કરે,

રેઓ માટે, સઉ તમે ભગવતથી ડરી નર નાર ખરે.
રંક રાએ પહેલવાંન કે દુબલો કાળ સરવેને ખ્વાર કરે,
રાખે ન અંમર, કોઈનેબી સજીને માંથે સરદાર કરે.
ભરો ભગતીનું માંપ કાંએકે ભકતી વીના અંધારૂં છે,
ભગવતનેબી, કામ ભકતોનું ઘણુંએક પ્યારૂં છે.

૬

સુરાતનથી ટાળો બદી તો જસો તમે કુએલાસમાં લાસ,
સુખન નશરવાં, કહે નાં રાખો જુઠાં ચરીઆશમાં આસ.
શાપુરજી રૂશતમજી ફરેદુંન કહે ન કરો કડવાસમાં વાસ,
સત્ય ફરશરાંમ, ફીરોજની નહીં આવસે બુરાસમાં રાસ.
ભરી સભામાં કહે અદલ મને હરદમ ધ્યાંન એકતારૂં છે,
ભગવતનેબી, કામ ભકતોનું ઘણુંએક પ્યારૂં છે.

ઝંઝરી.

તરકટ લાલચ મુરખ તજીદે ન તો કેહેવાસે કુપાતર,
તર ભવસાગર, પાર નર યાર ન પર જઇ કુક ખાતર ટેક.
તરક તું કર આ ફાંની જહાંને કદી ન નિર્ધનને વેતર,
તર રતનાંગર નાવ નેકીનું બનાવી લે બેહેતર.
ત્રણુ દીવસની છે જીંદગાની કાયા વલસે જેવી નેતર,
તરપત તેપર, પ્રાંણુ કર નતો કેહેવાસે તું મેતર.

તરસે સું નહીં ખબર જેને લખવાની કંઇ એકડ સાતડ,
તર ભવસાગર, પાર નર યાર ન પર જઇ કુદ ખાતર.

૧

તરસ રાખ નેકીની હરદંમ ભણજે નીત દીનનું ભણુતર,
તરસે આખર, નાવ નેકીનું ચલાવી લે યનતર.
તર છર ના કર પારકા ઊપર નહીં રહેશે મનતર ધનતર,
તરત વેલાસર, તજી જાશે ધંન જર વાડી વનતર.
તરવાલ કર તૈયાર જ્ઞાંનની પછી સાંમે આવી ગા તર,
તર ભવસાગર, પાર નર યાર ન પર જઇ કુદ ખાતર.

૨

તડ તડ તડ તડ આસુ પાડશે વૈકુઠનાં કર તઇઆર કુતર,
તરલ નેત્રનર, કરીને ભવસાગરની પાર ઊતર.
તરફડી તરફડી મરશે અધંમ જેમ તફડી મરે જંગલી કબુતર,
તરત આ દીલબર, જશે દમ ત્યારે દેસે ત્યાં શું ઉતર.
તરકી જશે જીંદગીની રસીપર મુકસે કાલ જયારે કાતર,
તર ભવસાગર, પાર નર યાર ન પર જઇ કુદ ખાતર.

૩

તરફદારી તું ન કર નકાંમી ભુલી જશે નથતર બથતર,
તરપર ચાતુર, સમજીને તર ન ફાડ તનપર વશતર.

તરત જગામ સમજીને દુશમનો ઢાંકી દીએ મુખપર
અશતર,
તરનાં ખ્યાલખર, સમજ કહે નશરવાંન ત્રનસો મતતર.
તરકી ગયાછે ખ્યાલ સમજીને અદલંનાં સઉ દુશમન
માતર,
તર ભવસાગર, પાર નર યાર ન પર જઈ કુદ ખાતર.

જડશી.

સુંદર સજેલી નારીના રૂપે સ્વપના જેવી દુનીઆ વીશે.

રાતે જોયો સ્વપનો યાર, તેમાં દીઠી સુંદર નાર,
મનમાં આયો એક વીચાર, કરૂં એને હું દીલદાર.
કાલા કેસનો ન કંઈ પાર, મોતી પોયાં હારોહાર,
ખુશબુ નાખી બેસુમાર, નાર બની ગઇ તઈઆર.
બંને આંખો કાલી કાલી, કાનમાં લટકે તેના વાળી,
લાલ હોટાં ઉપર લાલી, જોઇ આવી બહુ ખુશ્યાલી.
જોર જોબનની રૂપાલી, છાતી નાજુક સુંવાલી,
હતી બાર વરસની બાલી, જોઇ જીગરમાં લાગી પાલી.
મુખડા ઊપર કાલી જાલી, જીવ આશકનો લેવા વાલી.
ચાલ થુમક થુમકતી ચાલી, મારતી હાથો ઊપર તાલી.
નાજુક સુંદરને મેં ન્યાલી, જાંણે સરોવરની ડાલી,
પટા કમમરે વીંતાલી, ચાલી રૂમાંલ હાથે જાલી.
ખીલ્યો જોબંનનો બાહાર, ચોલી પેરી બુટેદાર,
ભવાં વાંકી કટાર, જોઇ ગમનો ખાધો માર.

કાલા કેસનો ન કંઈ પાર, મોતી પોયાં હારોહાર,
ખુશબુ નાખી બેસુમાર, નાર બની ગઈ તઈયાર.

૧

વાંકા સેંતો વીકરાળ, ભારી ચલકે છે કપાળ,
દીઠા ગોરા ગોરા ગાલ, ઊપર સીકા પડીયા લાલ.
ચાલે ઠુમક ઠુમકતી ચાલ, માયાની બીછાવી જાલ,
પકડે આશકને તતકાલ, આશકના તે જીવનો કાલ.
હાથની કાંડી નાજુક ઢાલ, પતલી કમર જાંણે દંબાલ,
ચાલે હુરોની મીસાલ, સું છે હુરની મજાલ.
વાંસો બીલોરો દીવાલ, જોઈને આંશકાનો હાલ,
પલમાં થાએ છે કંગાલ, ખેંચે સર ઊપરની ખાલ.
નાર જોએ એવી કોઇ જ્યાર, તેને નઈ કોઈનો આધાર,
મનમાં આવે તેનાં પ્યાર, થાઊ એની પર આવાર.
કાલા કેસનો ન કંઇ પાર, મોતી પોયાં હારોહાર,
ખુશબુ નાખી બેસુમાર, નાર બની ગઇ તઈયાર.

૨

પગનાં તેટાં બહુ નરંમ, ન્યાળી ખાધી મેં ગરંમ,
જાંગ બેઉ છે રેશમ, જોઇ લાગો મને ગમ.
ઝાંજર વાગે જંમજંમ, નથી પરીઓથી કમ,
ગભરાયો મારો દમ, જોઇ તેણીનો સીતંમ.
અરજ સાંભલ તું મડમ, હવે કમી કર જુલમ,
ધરક સતાવે જાલમ, તારો મને હરદમ.
તનપર જેહેરી જખંમ, તારા ખાધા મેં સનમ,

કરી મારી ઉપર રહમ, આપ ગમનો મલમ.
તુ મારી સરકાર, હુ તો તારો તાબેદાર,
તારા ગલાંનો હાર, થઈ ઉભો નીરધાર.
કાલા કેસનો ન કંઈ પાર, મોતી પોયાં હારોહાર,
ખુશબુ ભરી બેસુમાર, નાર બની ગઈ તઇયાર.

૩

એઇ નારી હુર સમાન, રયો દીલમાં હેરાન,
તજી સુધ બુધ સાન, લાગા વીરેહના બાન.
તજી, જ્ઞાંન, ધ્યાંન, હુ તો થઇ ગયો બેભાન,
જાગી જોઉ તો વેરાન, નહીં મલે મારી જાન.
તજી ખાન પાન, બની ગયો નાતવાન,
આયો હોટ ઉપર પ્રાંણ, કહું સમજે નીધાંન.
આ તોફાની જહાન, સ્વપનું બે દીવસનું માંન,
કરો નેકીનો સામાંન, તઈયાર કહે નશરવાંન.
અબદુલ હુસેન પુકાર, ફરાંમ માએ લલકાર,
"અદલ" કરે હરબાર, તારા છંદના તુકડા ચાર.
કાલા કેસનો ન કંઈ પાર, મોતી પોયાં હારોહાર,
ખુશબુ ભરી બેસુમાર, નાર બની ગઈ તઇયાર.

૪

રંગત નાટકની.

મને મુકી કાહાં સીધારી, હાએ હાએ ઓ જાંની મારી.
ટેક.

એઇ દીવાંનો થયો હું તુજને, કીધું તન મન કુરબાંન,
મેં કીધો તારાપર જાન, ફીદા મારો પ્રાણ, સાભલ
ધરી ધ્યાન.

ઓ માશુક પ્યારી, હાએ હાએ ઓ જાંની મારી.

૧

જયારથી મુજને ગઇ તજી તું, ત્યારથી દીલમાં દાજ.
નીત બલે મારા સરતાજ, આવી મલ આજ, જાંની
મારે કાજ, ન થા ખુંખારી,

૨

જયારથી રોશંન મુખડો તારો, દીઠોછે મેં સુંદર.
પડી મારી તુજપર નજર, ત્યારથી જીગર, ખાએ બે
ખબર, જખમ પુરકારી,

૩

જંગલ જંગલ ફરૂં દીવાંનો, થઇને હું ઉદાસ.
આયો છે હોટ પર સ્વાસ, જાંની મારી આસ, તોડી
નીરાસ, ન કર મારી ખ્વારી,

૪

ચાહે માર યા જીવાડ મુજને ચાહે તું પાર ઉતાર.
હુ ઉભોછું તાબેદાર, તારો દીલદાર, ગલાનો હાર, તુ
કર દીલદારી,

૫

નશરવાંન કહે આવો એકાએક સુંદર નાર દીલજાન.

મલી ફ્રરશરાંમને જવાંન, ફ્રરાંમ કહે જ્ઞાન, ગાએ ગુનવાને, અદલ લલકારી,

૬

રંગત ખરી.

સકરકન સાથે પાપડીબાઇના લગન.

કહું એક કાહાંણી બહુ હસવાની ધ્યાંન ધરી સઉ સમજે સજંન.

સકરકંન ઊપર થઇ પ્રસન, પાપડી બાઈએ કીધાં લગન,

એક દહાડાને સમે પાપડી બાઇએ દીલમાં કીધો વીચાર.

અબલાનારી હું તો કુંવારી કયાં સુધી જાુરૂં હરબાર.

રૂપવંતી હું જાતે જાુવંતી ખીલી રહયો જોબંનનો બહાર.

જાએ મારી આ ફોકત જવાની માટે જોઊ કંઈ સુખ સનસાર,

ચાલ.

એવો અંદેસો દીલમાં કરીને.

આગલ પગલાં ખુબ ભરીને,

બાહારથી આવી ઘેરે ફરીને.

બાહારથી આવી ઘેરે ફરીને દીલમાં તેણી ખુબ થઈ મગન,

સકર કંનપર થઇ પ્રસન બઉ પાપરી બાઈએ કીધાં લગન.

૧

તુરત તેડાવી ચોરી બાઈને કહે મારે ઘર આવો આજ,
જનમ પતરી આ લઇ જઈ મારી, કરો મારૂં કોઇ
સાથે કાજ.
કાજ કરજો મારૂં એવા નરથી કે, બુજે મારા તનમાંની
દાજ,
દાજ બુજી કોઇ કાલે કરે નહીં મને કદીબી ભુંડો
અવાજ.

આ[illegible].

કામ કરો જઇ એટલું મારૂં,
દામ થાએ તે લેજો તમારૂં.
ઢુંડો વીચારી ઘર કોઇ સારૂં,
ઢુંડો વીચારી ઘર કોઇ સારૂં બુજે મારા તનમાંની
અગન.
સકરકંન ઊપર થઈ પ્રસંન પાપરી બાઈએ કીધાં લગન.

૨

ચાલ્યાં ચોરી બાઇ લટકો કરીને ઢુંડી લાયા જઈ
ભીંડાને,
જોઇ ભીંડાનું રૂપને લાગ્યાં પાપડીબાઇ બહુ ડરવાને,
પસંદ કીધો નહીં ભીંડા ભાઇને ત્યારે લાયાં પપેટાને.
પાપડી બાઇની સાંમો લાવીને ચોરી બાઇ તેને વખાંણે,

ચાલ.

જુઓ પાપડીબાઈ આ બીજો નર
ઉભો તમારી સાંમો દીલબર
એથી વધુ કોણ મલશે સુંદર
એથી વધુ કોણ મલશે સુંદર થાઓ તમે એપર પરસન,
સકરકનપર થઈ પ્રસન બઈ પાપડીબાઈએ કીધાંલગન.

૩

પસંદ આયા નહીં બંને તેવારે ત્રીજાને ચોરી લઇ આવી
નામ સકરકન એનું એમ કઈ પાપડીબાઈને સમજાવી.
પાપડીબાઈનું જીતી લીધુ મન લાલ સકરકન દેખડાવી
પ્રસંન થયાં પાપડીબાઇ તેપર દીવસ લગનનો ઠેરાવી.

ચાલ.

સુભ મુરત દેખડાવી બાઇ
રાજી થયાં બહુ પાપડી બાઇ
મીજલસ તરકારીની ભરાઈ.
મીજલસ તરકારાની ભરાઈ પાપડી બાઈનું હરખે મન
સકરકન ઊપર થઇ પ્રસંન પાપડી બાઇએ કીધાં લગન.

૪

ગલકા, તુરીયાં કંટોલા ને કારેલાંની લાગી હાર,
દુધી તુરાઇ વેગન કોબી કારી ફુલાવર કરે પુકાર.
ઉલકર સલગમ મુરા વેલાતી મેનીજમાં ઉભા સરદાર,
ભીંડા પપેટા બેઉ જણાઓ બલવા લાગ્યા જોઇ દીલદાર.

ચાલ.

મેનોજમાં મેથીની ભાજી
ચોલાઇ ખટુમશે આવી જાજી
પાલક સુવાની ભાજી રાજી.

પાલક સુવાની ભાજી રાજી થઇ કરી તન મન અરપન
સકરકનપર થઇ પ્રસન બહુ પાપડીબાઈએ કીધાં લગન.

૫

ફ્રેંચ બીટ કવરા બીટ બંને સૈયર આવી ઝપકો કરી
ગરીબ બીચારી ગુવારફળી જોઈ તેને દીલમાં રહી ડરી.
સીંગ વટાણાની તીનદોરાં દાંગર ફનસ સાથે કાકડી
ગાજર દમલબીજ દાંદાર તાણુ સરગવાની સીંગઆવીફરી.

ચાલ.

તાગોટા ભાજી દાભાંની
આલુ મુલા ને તાંદલ જાણી
મગની સીંગ ભાજી ટાંકલાની.

મગની સીંગ ભાજી ટાંકલાની ખુબ નાચવાં લાગું સુરન,
સકરકન પર થઈ પ્રસનબહુ પાપડી બાઇએ કીધાં લગન.

૬

મોગરી બાઇ બહુ મગન થઇને તોરથી ખુબ ગાવા લાગી
કાચા ચીભડાં કુદે ચોકમાં તેને સમજાવા લાગી.
કથીચોક ને બીલમરી બંને મરાઈને બાર જાવા લાગી,
પડી ચોરાઇ વચ્ચે આડી તેને તે પતાવવા લાગી.

ચાલ.

લગન થયાં બહુ ધુમ ધામથી
આવી તરકારી ગામે ગામથી,
પાપડી બાઇ થયાં ફારેગ કામથી.

પાપડી બાઇ થયાં ફારેગ કામથી કરવા લાગા અમન ચમન,
સકરકનપર થઇ પરસન બહુ પાપડી બાઈએ કીધાં લગન.

૭

મહીના રયા પછી પાપડીબાઈને પેટ થયાં બે બાળ નીધાન,
એક પુતર એક પુતરી અવતરી સાર સહી કહેછે નશેરવાન.
નામ આપ્યું વાલ કરીને પુતરનું સમજો દીલજાન,
નામ તીતોરી પુતરીબાઇનું આપી કીધો પુરો અરમાન.

ચાલ.

ફ્રરરરામની ફ્રુતે આજે,
કરેછે અબદુલહુસેન અવાજે,
ફ્રશામ ફ્રૅદુન ફ્રરમા ગાજે.

ફ્રશામ ફ્રૅદુન ફ્રરમા ગાજે બળે અદલના કુલ દુશમન,
સકરકન ઉપર થઈ પ્રસન પાપડી બાઇએ કીધાં લગન.

રંગત ખરી જુની.

તન મન ધન કુરબાન, કીધું મેં તારા પર પ્યારી;
થઈને દીવાનો ફરૂં ઇશકમાં તજી દુન્યાદારી.

સમાં કુટુંબ સહુ તજી દીધાં મેં સાંભલ દીલજાની,
માત પીતાને તજયાં ત્રાત મેં કોઇની નહીં માની.
તજી દીધું ઘરબાર, વળી મેં તજ્યું અનપાણી,
તજયો સુખ સંસાર કદર મેં કોઈની નહીં જાણી.
ગમનું નીર વરસાવી નેત્રથી કરૂં છું નીત જારી,
થઈને દીવાનો ફરૂં ઇશ્કમાં તજી દુન્યાદારી. ૧

૧

માશુક મારી જીગર તું પ્યારી, હું તારો પ્યારો,
ન માર જાની વધુ હવે મુજપર ગમનો મારો.
જખમ મને લાગા છે કલેજે કારી કઇ હજારો,
નથી ચેન આ જીવને હવે દમ ગભરાએ મારો.
તારી જુદાઇના જખમ રૂજવે કોણ હવે કારી,
થઈને દીવાનો ફરૂં ઇશ્કમાં તજી દુન્યાદારી. ૨

૨

તું મારી સરતાજ પ્યારી હું વારા મલાનો હાર.
ચાહે માર ચાહ જીવાડ ચાહે તું પાર મને ઉતાર.
તું છે મારી નાર વ,હાલી, હું તારો ભરથાર,
તારી જુદાઇનો ભારી જુરાપો કરે મને ખમખાર.
કબરમાં બી હું પુકાર કરી નહીં ભુલીસ યાદ તારી,
થઈને દીવાનો ફરૂં ઈશ્કમાં તજી દુન્યાદારી. ૩

૩.

નશરવાંન મરહુમ કહે એમ આવી અંતે નાર,
ફરશરાંમ ફરદુન ફીરોજ ત્રન ગાએ મલી લલકાર.

અબદુલહુશેન એમ કહે સભામેં સમજો જનાબ દીલદાર,
યુસુફઅલી કહે ખ્યાલ નવી તકસાલ નીત તૈયાર.
ફરાંમ કહે મારા ગુરૂ "અદલ" જેની ધન ધન બલહારી
થઇને દીવાનો ફરૂં ઇશ્કમાં તજી દુન્યાદારી. ૪

કજોડા વીષે—રંગત ખરી જુની.

સાંભલ સુંદર ફીકર ન કરતું દીલમાં જરા તારા,
કાલે સમજનો થશે કંથ કહું કસમ તને મારા.
તગદીરમાં નહીં હતે તો ઇશ્વર કજોડું નહીં કરતે,
મલતે કંથ બી તને સમજનો કદી નહીં નડતે.
એવી ઇચ્છા ઇસ્વરની હતે નહીં તો તું સાની રડતે,
એવો કંથ વરવાને કેમ મા, બાપસે નહીં લડતે.
રડી રડીને શું કરવા કાડે છે દીન સારા,
કાલે સમજનો થશે કંથ કહું કસમ તને મારા. ૧

૧

નાદાનોની સંગતમાં તે રહયો હજુ નાદાંન,
જ્ઞાંની સાથે ફરશે તે વારે થશે ઘણો ગુણવાન.
કરશે પછી તે પ્યાર મોહોબત તારી સાથે દીલજાન,
લાગશે પછી તે તને અતારો પ્યારો, પ્રાંણ સમાન.
પ્યારથી ચાહાસે તને દોસ્તોને કરીને અકારા,
કાલે સમજનો થશે કંથ કહું કસમ તને મારા. ૨

૨

સબર રાખીને બેસ પ્રભુજી સઉને સાહાયે આવે,
મુરાદ મનની હોએ જે કંઇ તે પલમાં બર લાવે.

અગર જો ચાહે ખુદા તો લખ્યા લેખ બી મીટાવે,
સંત જનોને મારી દુષ્ટોની નાવ બી તરાવે.
કુદરત સાંમે રયા ન રહેશે કોઇના બી ચારા,
કાલે સમજનો થશે કંથ કહું કસમ તને મારા. ૩

૪

નશરવાન કહે મરી જશે તો જીવની જશે ખ્યારી,
એમાં જશે નહી કોઈનું થશે તારા જીવની ખ્વારી.
ફરશરામ ફરેદુન કહે અંતે સમજી નારી,
અબદુલહુશેન કહે મુરાદ તેની બર આવી સારી.
ફરામ કહે ગુરૂ અદલનાં છે આ શીરી સખુન ન્યારા,
કાલે સમજનો થશે કંથ કહું કસમ તને મારા. ૪

ઝડઝી.

ચાર દોસ્તદારોનું બ્યાન, તમે સમજો ધરી ધ્યાન.
ઘરથી નીકલ્યા જવાન, બની ભપકાદાર,
ઘરથી નીકલી બાહાર, કીધો ચારોએ વીચાર,
ચાલો હોટેલ અંદર યાર, કરીએ જમવાનો કરાર—ટેક.
એવો મનસુબો કરીને, હાથ એકેકનો ધરીને,
ચાલ્યા આગલ ફરીને, ગયા હોટલની માંઇ.
હોટલવાલાને તેડાવી, ભાવ તેનાથી ઠેરાવી
વાંણું માછલીની મંગાવી, રાજી થયા ખાઇ ખાઇ.
હલવા છમના કોલમકસ, ભીંગ તરેલા સરસ,
ગોલ રાંમશનો રસ, તરી તાજી શીરમાઈ.

પાગરં વેખરૂ લાલ તરચાં, લોરી પર માંદર્યાં,
ખુબ કાલુ તીખાં કર્યાં, લાવી કરી ધાઇ ધાઈ.
કીધો કાંટીનો સાસ, માંહે નાંખીને તીખાસ,
ખીચડીં વધારીને પાસ, મેલી કરી ખુશબોદાર.
ઘરથી નીકલી બાહાર, કીધો ચારોએ વીચાર,
ચાલો હોટલ અંદર યાર, કરીએ જમવાનો કરાર.

૧

માંગન તરી દસ વીસ, પછી મુકી લેડી ફીશ,
મોટી મોટી ભરી ડીશ, મુકી ટેબલ ઉપર જાન.
જીંગા સલપીને વાંમ, ફતરચાતું મુકી બાંમ,
ભુંજી ઈંગાર ઉપર તામ, મુકયો રકેબીમાં ચાન.
તાજા બુમલા તરી બોઇ, લેવટા તર્યા ધોઈ ધોઇ,
જીપટી મુકી તાજી જોઇ, તર્યાં કાંદા મુઈનો ધાન.
શકરો તાર મુરાંઓ છે વાર, તરી લોઢાપર અંબાર,
કાંનતી મદીલાની હાર, કીધી તીખી તીખી સાંન.
મુશી ધુમેરૂં શીંગાલો, કરલી ટેગલી ને દાહારો,
પરસો તીરસો કુગ સારો, મશેલ મેલી સ્વાદદાર.
ઘરથી નીકલી બાહાર, કીધો ચારોએ વીચાર,
ચાલો હોટલ અંદર યાર. કરીએ જમવાનો કરાર.

૨

ચપલ સુરખી ને ચાલત, મેલી રકેબીમાં એંગટ,
પારાંયાં લાવી ઝટપટ, મોરવા મેલ્યાં તરી.
ભાંનજી પારી ટાંમતી, તારબાં મેલા વાકતી,

તરી નથલીને વાવતી, લાવ્યા ફરી ફરી.
ઠાલમી કરત્તતીઆં મજેનાં, કબાબ તીખાં કીધા તેના,
લાગે અતી સ્વાદ જેનાં, ધીમાં તુમરી લાલ કરી.
માંછલી પત્તાંની મજેની, કુપલા ગોદરા હસેની,
કારી તીખી કીધી તેની, માંહે ચટની ભરી.
શુંદરે ખજુરે ગોવાર, મગરૂ પીરસા લેજતદાર,
કીધો બાંગરો તૈયાર, ધીમાં કરીને વધાર.
ઘરથી નીકલી બાહાર, કીધો ચારોએ વીચાર,
ચાલો હોટલ અંદર યાર; કરીએ જમવાને કરાર.

૬

કીધા ભેજાંના કટલેસ, ભજીઆં ખીમાંના વીપેરા,
ચાંપ બોટીનો સું ટેસ્ટ, કીધી મુરગીની બીરીઆંન.
બેવડો ફેનીની રાસી, બાટલી બ્રાંડીની ખાસી,
વીસ્કી પોટવેન ખુબ ઠાંસી, ખાઇ પી થયા મસ્તાન.
ચીકુ પેર ગુલાબી જામ, ફ્રુટ્સ સફરચંદ ને આમ,
દરાખ પસતાંને બદામ. અંજીર કેરાંની શાંન.
અનદુસ ચીબરાં પપેનસ, સંતરા દારમ અનેનસ,
મીઠો નારંગીનો રસ, લાગે શાકર સમાન.
પાકાં તરબુચ રાંમફલ, લાવી મેલ્યાં સીતાફળ,
પપાંઉ લાવ્યા તેજ પલ, લાગી લેશબો ન વાર.
ઘરથી નીકલી બાહાર, કીધો ચારોએ વીચાર,
ચાલો હોટલ અંદર યાર, કરીએ જમવાનો કરાર.

૪

બેઠા હાથને ધોવાડી, ખાધાં પાનને સોપારી,
પછી મોઢાંને સમારી, કીધી સાહેબ સલાંમ.
હોટલવાલાને બોલાવી, દીધો આંકડો ચુકાવી,
રૂપીઆ રોકડા ગણાવી, તેનું દઈ દીધું દામ.
કહેછે નશરવાંન શીતાબ, તારા છંદનો જવાબ,
હવે બંધ કર કીતાબ, બોધ દીએ ફરશરાંમ.
ફીરોજ ફરેદુન; કહેછે હર તરાંની ધુન,
જેનાં ચીરી શખુન, નીત ગાએ છે ફરામ.
અબદુલહુશેન ખુશાલ, ગાએ ખ્યાલ ઉપર ખ્યાલ,
અદલ જરે તકસાલ; નીત નવો લલકાર.
ઘરથી નીકલી બાહાર, કીધો ચારોએ વીચાર,
ચાલો હોટલ અંદર યાર, કરીએ જમવાનો કરાર.

સ્ત્રી ચરીત્ર વીષે.

મારી જાન.

નહી મીટે વીધાતા લેખ કરમની કાંની,
મારી જાન—ધ્યાન ધરી સમજો તમે દીલ જાન,
સ્ત્રીના કેરાથી પીતાએ લીધો પુત્રનો પ્રાંણ—ટેક.
એક નીરદએ કણબીની હું વાત કહું સમજો,
મારી જાન—ઉમર જેની હતી સાલ કહું બાર.

માત પીતાનો હતો તે કણબી ઉપર અતીશે પ્યાર,
કણબીને મુકી માબાપ ટુંકી ઊમરમાં ગયાં સ્સર્ગવાસી
કહું દીલદાર.
ધ્યાન ધરીને સમજો સજન સત સાર તેનો નરનાર,

ચુલ.

કણબીએ વીચાર એક દીલમાં પોતાનાં કીધો,
સંસારી મારગ લીધો તેણે સીધો;
મારી જાન—હવે સમજો તમે ગુણવાન,
સ્રીના કેવાથી પીતાએ લીધો પુત્રનો પ્રાંણ. ૧

૧

કીધાં લગ્ન પોતાનાં કરી વીવા કણબીએ,
મારી જાન—લાવ્યો સ્રી ઘરમાં સુંદરજી,
પાર રહયો નહીં તેના હરખનો સમજો દીલખરજી.
બેઉ હલીમલીને રહેવા લાગાં સાથે,
મારી જાન—સાહે થયો તેમને ઇસ્વરજી,
ગર્ભવંતી થઇ નાર અવતર્યો પુત્ર તેને ઘરજી.

ચુલ.

પુત્રનો જનમ આપીને મરી ગઇ માતા,
ટુંક વયમાં સ્વર્ગવાસી તેની થઇ માતા;
મારી જાન—સોંપી ભરથારને તે સંતાન,
સ્રીના કેવાથી પીતાએ લીધો પુત્રનો પ્રાણ. ૨

૨.

બે પાંચ માસ વહી ગયા તે વારે સમજો,
મારી જાન—કીધો મનમાંએ એવો વીચાર,
પરણી લાવું એક નાર બાજી જે દાએ દુખમાં વાહાલ.
એવો અંદેશો મનમાં ધરાને ભાઈ,
મારી જાન—થયો પરણવાને કાજ તૈયાર,
લાવ્યો પરણીને નાર બાજી તે સમજો પોતાને દવાર.

ઝુલ.

ખુબ આનંદ કરવા લાગો નારની સાથે,
બાળકને પ્રેમમાં પાળી પોતાને હાથે.
મારી જાન—ઉછેરી કીધો તેને નવ જવાન,
સીનાં કેવાથી પીતાએ લીધો પુત્રનો પ્રાણ. ૩

૩.

નવ જવાન થયું પેલું બાલક સમજો ત્યારે,
મારી જાન—રહયો નહીં ખુબસુરતીનો પાર.
ગુલાબની શરમાતો જોઇ તેનાં ખુબ સુરતીનો બાહાર,
ચંદરમાં તેને જોઇ છુપી જતો પરદામાં,
મારી જાન—ઈંદ્રની પરી થતી લાચાર.
એવું રૂપ જોઇ માતા સાવકી થઈ આશક બદકાર.

ઝુલ.

હરદંમ તેણી બાલકને સતાવા લાગી,
હરઘડી થતી બાલકની આગલ નાગી.
મારી જાન—પતીની ઘેર હાજરી દરમ્યાન,
સીનાં કેવાથી પીતાએ લીધો પુત્રનો પ્રાણ.

૪.

બાલકને કહે હું માશુક તારી પ્યારી,
મારી જાન—તુ આશક ગલાનો હાર.
ચાહે માર ચાહે જીવાડ ઉભીછું તારી તાબેદાર.
કર કબુલ તું મને હવે એ પ્યારા મારા,
મારી જાન-તારી મોહોબતમાં ફશીછું યાર.
અગન ઇશ્કની સલગી તેપર મોહોબતનો તું પાણી
માર.

ગુજ.

હવે લે ન મારો પ્રાણ, પ્યારા તરસાવી,
ચલો છતર પલંગ પર રહેમો નીર વરસાવી,
મારી જાન,—કરો મારો પુરો તમે અરમાન,
સીના કહેવાથી પીતાએ લીધો પુત્રનો પ્રાણ.

૫.

કહે પુત્ર ધ્યાન ધરી સમજો મારી વાતે,
મારા જાન—તમે છો માતા મારીજી.
હું છું તમારો પુત્ર વાત કંઈ બોલો વીચારીજી,
હરઘડી તમે ના મને સતાવો ખાલી,
મારી જાન—જોઈએતો લ્યો સર ઉતારીજી.
લેશ બાર નહીં ગમતી મને કંઇ વાત તમારીજી.

ગુજ.

એટલું સમજી માતા જનુંનમાં આવી,
કર કબુલ નહીંતો દેશે જીવ લુટાવી.

મારી જાન,—ન ડર્યો પુત્ર પેટે બળવાન,
સીના ટેવાથી પીતાએ લીધો પુત્રનો પ્રાણ. ૬

૬

ત્યારે ગઇ નાર ભરથારની આગળ છાંની,
મારી જાન—પતીજી સમજો મારી વાત.
લુટી ગયો મારી લાજ તમારો કુંવર આવી કમજાત.
પ્રથમ તો કીધા આંખોના ઇશારા મુજને,
મારી જાન—ત્યારે મેં કહયું હું તારી માત,
તોપણ અંગપર આવ્યો ધસીને મારી મને બે લાત.

જુસ્સો.

ત્યારે ચકર ખાઈ હું પડી જમીન પર પ્યારા.
તે જોઈને ધરવા લાગો હાથ બેઉ મારા.
મારી જાન,—પછી હું થઇ ગઇથી બેભાન,
સીના ટેવાથી પીતાએ લીધો પુત્રનો પ્રાણ. ૭

૭

જ્યારે આવી શુધમાં પાછો, ઉઠી હું ત્યારે,
મારી જાન—મુજીને જોયો મેં નાગોજી
જઇ મારવા ધસી તે વારે દુર દુર ભાગોજી.
દુર જઇ મુજીએ કપડાં પેરી લીધાં
મારી જાન—પછી બહુ નાસવા લાગોજી,
માર મારી બેભાંન કરી મને કીધો ઠાગોજી,

જુસ્સો.

એ સમજી જનુની થયો તેનો ભરથાર

પુત્રને બોલાવી પુછવા લાગો તે વારે
મારી જાન—કહી દે સાચે સાચી વાત
સ્રીના કેવાથી પીતાએ લીધો પુત્રનો પ્રાણ.

૮

પેલો પુત્ર ભેદ સઉ ખોલીને કહેવા લાગો
મારી જાન—પીતાજી સમજો નેક સજન.
ગુનેગાર હું નથી જોઈએ તો હયો મારી ગરદન,
આ જુઠું છે ગોતાન મારીપર સમજો.
મારી જાન—નથી કંઇ મુજમાં બુરા ફંન,
એ છે મારી માતા બરાબર હું છું એનો તન.

ગુલ્ર.

ક્રૂર પીતા તેનો કહું ક્રોધમંદ ખુબ થઈને
તલવાર તેજ એક કેડે પોતાની લઇને.
મારા જાન—કીધો પુત્રને તરત બેજાંન
સ્રીના કેવાથી પીતાએ લીધો પુત્રનો પ્રાણ. ૯

૯

હવે ધ્યાંન ધરીને સમજો તમે નરનારી
મારી જાન—લખું છું આગળ સઘળો હાલ,
એટલાંથી નહીં રાજી થઇ બદકાર નાર ચંડાલ.
રાજાનાં કુંવરપર આશક થઇ બદકારે
મારી જાન—પતીના કીધા હાલ હવાલ.
આખર જીવથી ઠાર કરી લાવી દીધો અંતકાળ.

ગુલ્ર.

કહાં રહયો નારનો કહો મુજને ઇતબારે
પુત્રનો જીવ લઇ ઠાર કીધો ભરથારે.

મારી જાન—ન રહી કોઈ પતીવરતા સાધાંન
સ્રીના કહેવાથી પીતાએ લીધો પુત્રનો પ્રાણ.

૧૦

કહો નામ ઠામ કણબીનું સભામાં આજે,
મારી જાન—સાલ મહીનો તથી વારેજી.
કહો તુરાવાલાઓ હતી કોણ ખુની નારજી,
જોઈએ તો મુદત માંગી લ્યો મુજથી ભાઈ,
મારી જાન—માસ એકથી બે ચારજી,
કહે નથરવાન લેજો જોઇએ તો એથી વધારેજી.

ઝુલ.

ફરરરરામ કહે કર જોડીં સભામાં આજે,
નહીં દેશો જવાબ તો લુટું તમારી લાજે.
મારી જાન—અદલ બતલાવે ગાઇ વીદવાન,
સ્રીના કેવાથી પીતાએ લીધો પુત્રનો પ્રાણ.

૧૧

રંગત નાટકની.

કહાં ગઇ કરી બેઈમાની—અરે જાની.
તન મન અરપન તુજપર કીધી મેં જરનો ધુલધાણી,
નહીં ભાવે અંન કે પાણી થઇ હાંણી.
કરૂં શાત દીવસ તારી યાદે, મારા મનથી થઈને શાદે.
હવે કહાં તું મલવાની—અરે જાની. ૧

મારો જાન કીધો કુરબાન સમજ ધરી ધ્યાન
અરે દીલજાન,
ગઇ શુધ બુધ સઘલી સાંન, થયો બેભાન.
નહી ઊંઘ ભુખ દીન રાતે, જઇ કોણને કહું આ વાતે,
તીર મારીઓ તું એ તાણી—અરે જાની. ૨

મારી બાણુ વીરેહના મુજને કરી હેરાન ગઇ કયાં જાન,
કેમ થઇ પ્યારી અંજાન અરે નાદાન.
આવે યાદ રાત દીન તારી, કયાં ગઈ મુકી મને પ્યારી.
નહીં મલતી નીશાંની—અરે જાની. ૩

એટલામાં આવ્યો એક કાસદ દોડતો ચીઠી લઈ તારી,
કહે નશરવાન લલકારી, અરે પ્યારી.
એકાએક જાની આવી, મુરાદ મનની બર લાવી,
કીધી અદલપે મેરબાની અરે—જાની. ૪

લાંગડી નસીહત.

તજી બુરાઈ ભલી ભલાઇ સઊથી બાઇ રાખો નરમાસ
ફાની જહાંનમાં કરો નહીં કાચી કાયાનો વીસવાસ—ટેક.
માત તાત સુત બેન ભાઇ સઊ જુઠો સકલ સંસાર સહી,
મારૂં તારૂં ન કર કંઇ સમજ દીલમાં દીલદાર સહી.
કયાંથી આવ્યો ને કયાં જવાનો કર તેનો વીચાર સહી
નેકી બદીનો લેશે તે હીસાબ કહું કીરતાર સહી.

શેર.

આંખ ઊઘાડી જો તું ભાઈ કેમ ગફ્લતમાં રહયો,
ભગતી કર કીરતારની નર કેમ તું ગાફેલ થયો.
વાત કહી કોઈને ભલી કોઇને સુખન જુંડો કહયો,
પણ કીધી નહીં યાદ તેની હાથ લઈ ખાલી ગયો.
જેણે કીધી નેકી ને બંદગી તેનો રહયો બેઉ જહાનમાં
વાસ.
ફાંની જહાનમાં કરો નહીં કાચી કાયાનો વીસવાસ.

૧

કાયા જુઠી માયા જુઠી જુઠો જમાનો જાણજે તું.
રાખ રખાવત ન કરતો કોઇની તરફ ના તાણજે તું.
જુંડી વાતને દુર કરી સહુ ભલી વાતને માંનજે તુ,
રહી નીતીમાં આ મારી નસીહતને બસપેછાણજે તુ.

શેર.

અંધારૂ રેહેશે આંખમાં જયાંવેર જગની જાલ છે,
તારો મારી છોડ ભાઇ સઉના હાલહવાલ છે.
ધરમ કરમ કર હાથથી નહીં તો પાયામાલ છે,
એક જગે સઉ રહી જશે જર ધન હીરા લાલ છે.
કાયા રેહેશે જયાંની ત્યાં જે વખતે બદનથી જાશે સ્વાસ.
ફાની જહાનમાં કરો નહીં કાચી કાયાનો વીસવાસ.

૨

ભકતી ભાવથી કરો ભગવતની એટલી નસીહત મારીછે,
સીવાએ ભકતી બીજી કંઇ ચીજ જગતમાં પ્યારી છે.

વર્ધ જવાન સઉ વીચારો મનમાં આ નસીહત બહુ સારી છે,
કરી લો નેકી કાલની એક દહાડો તૈયારી છે.

શેર,

પલ વારમાં ફળ ભકતીનું સાંભલ કહું મલશે તને,
વીચાર કર નર ઉરમાં સહી વાત કહું તારાં કને.
પાર પડશે પલમાં તે જો કોઈ ઈસ્વરને ગણે,
ફરશે આનંદમાં સદા જે ચુસ્ત નેકી પર બને.
તનથી કાડી કડવાસ કરી નરમાસ રાખો સરવેથી મીઠાસ,
ફાની જહાનમાં કરો નહીં કાચી કાયાનો વીસવાસ.

૩

નેકી કરો જગમાં સરવેથી જે આવે આખરમાં કામ,
કહે વલીજી બદીને ધરી ન થા ભાઇ બધનામ.
નશરવાન મરહુમ કહે નાં કરતા કોઈ કામ હરામ,
ફરરરામ કહે, નમીને કહે સભામાં આજ ફરામ.

શેર,

અબદુલહુશેન એમ કહે ન કરતા કોઇને પ્યારા દગો,
અબદુલઅલી કહે છે દગો થાશે નહીં કોઇનો સગો.
ફરદુન કહે મોઢેથી જુઠું બોલી કોઈને નહીં ઠગો,
અંતે નર જુઠાનો ભાઈ નર્કમાં થાશે જગો.
કહે નસીહતનો ખ્યાલ અદલ લલકાર જ્ઞાની કાંઇ કરજો કયાસ.
ફાંની જહાનમાં કરો નહીં કાચી કાયાનો વીસવાસ

રંગત ખરો.

ચાર સાહેલી નીકલી ઘરથી જલ ભરવાને કુવા ભણી,
કીશના કોએનાં એના સાવીત્રી મળી કુવાપર ચારે જણી
પેહેલી કીશના બોલી બેનીઓ કંથ મને મલ્યો બેકદર
દારૂ પીને થાય છાકટો પછી પડે ચોકી અંદર.
સહીઓ સઘળો મીણાં મારી કહે દારૂબાજ તારો દીલખર,
તે સમજી હું કરૂં બળાપો ધીક ધીક છે મારૂં જીવતર.
એવી ચાલ ભરથારની જોઈ મુંજાઉછુ મારા મનમાં ઘણી
ક્રિશનાં કોએનાં એના સાવિત્રિ મલી કુવાપર ચારે જણી.

૧

બીજી સઇઅર કહે છે બેનો સમજો મારા દુખનો સાર,
ભંગી અફીણી કેફી મળ્યો કરમે મને મારો ભરથાર
ભંગ પીએ ને અફીણ ખાએ વળીં તેની બાહારમાં મારે માર,
જોઈ પતીનું દુખ રડું છું જાર જાર હું સાંજ સવાર.
ખમતાં ખમતાં દુખ પતીનું હવેતો ઘેલી ગાંડી બની,
કીશ્નાં કોએના એના સાવીત્રી મલી કુવાપર ચારો જણી.

૨

ત્રીજી સુંદર બોલી બેનીઓ જાએ રાતને થાય પરભાત,
તોબી પતી નહીં આવે ઘેરમાં બાહાર કરે રાંડોનો સાથ.
જરા શીખામણ દઊં તો ગાળો ભાંડે ઉપરથી મારે લાત,
કેમ કરીને ખમુ જુલમ હું રાજી છું કરવાને ઘાત.

દોશ દણી શું માબાપોને કરમે મળ્યો ભુંડો ધણી,
ફીશના ફોએના એના સાવીત્રી મલી કુવાપર ચારો જણી.

૩,

ચોથી સુંદર કહે હસીને અરજ મારી એક સમજો આજ,
કશી રીતનું દુખ નથી મારે માથે સીધો છે સરતાજ.
ખવરાવે પીવરાવે અને વળી મન ગમતો પેરાવે સાજ,
કદી બોલાવું પાસે મારી તો પ્યારી વના નવ દીએ અવાજ.
સદા મગનમાં ફરૂંછું હું તો વરના સુખથી બની ઠની,
ફીશનાં ફોએના એના સાવીત્રી મલી કુવાપર ચારો જણી.

૪,

કહે મરહુમ નશરવાંન ચાર સાહેલીનો જેવો ખ્યાલ થયો,
ફરરરાંમ કહે સમજી ખ્યાલ દુશમનનો બુરો હાલ થયો.
અબદુલહુસેન કહે સહાએ મને ગાવામાં દીનદયાલ થયો,
લાખો દુશમન થયા તોપણ મારો ન વાંકો બાલ થયો.
અદલ કહે લાગી દુશમનને મારા તેજ નશતરની અણી,
ફીશનાં ફોએનાં એના સાવીત્રી મલી કુવાપર ચારો જણી.

ખરા.

બની ઠની ખુબ ઘરથી નીકળી જળ ભરવાને સાત જણી,
નાંખી બેડાં પનઘટપર દુખની વાતો કરેછે થોડી ઘણી
પેહેલી સુંદર કહે બેનીઓ મારો પતી નહીં મારી સાથ,
રાત બધી તે બાહાર ફરીને આવે જ્યારે થાય પરભાત.
રાંડોની સંગતમાં રાત દીન રહે છે કમઅકલી કમજાત,
નથી શરમ કંઇ દીલમાં તેને હસેછે સરવે મારી જાત,

દીલમાં વીચાર આવેછે હવે તો કરૂં હું મારા જીવની ધાત,
પણ દુનિયાનો ડર કરૂં છું રખે મને લોક કહે કમજાત,
વધુ દુખ એક મને છે બેનો ખ્વારથાએ રાંડોપર ધણી
નાખી બેડા પનઘટપર દુખની વાતો કરેછે થોડી ઘણી.

૧

બીજી સુંદર કહે બેનીઓ સમજો મારા દુખનો સાર,
બાળપણામાં પરણાવી માં બાપે મને કીધી નીરધાર.
પતી છે મારો બાળ હજી તો ઊંમર સાલછે જેને બાર,
તેર વરસની ઉમર મારી ખીલી રહયો જોબનનો બહાર.
કંથ લખોટી રમે આંગણે જોઈ રડું છું જાર બેજાર,
રડતાં રડતાં આંખો આવીછે હવે તો હું થઇ છુ લાચાર
નાની હતી પરણી હું તેવારે હવે નાર ભર જવાંન બની
નાખી બેડાં પનઘટપર દુખની વાતો કરેછે થોડી ઘણી.

૨

ત્રીજી દુખીઆરી કહે બેનો કેમ કરી મનને મારૂં,
ઝુરી ઝુરીને દુખ પતીનું હું મારા દીલમાં ગાળુ.
ભર જવાન હું નાર જુદાઇમાં રડી રડીને ભવ બારૂં,
મરણી મલેનહી મારા„ઘણીમાં જનમ હવેકાં જઈ કાઢું,
રાતને દહાડો રડી રડીને તનપરનાં વસતર ફાડું,
ઝેહેર ખાઇને મરવું હવે તો લાગેછે મુજને પ્યારૂં.
રહું રાત ને દાહાડો હું ભરથારને એક સાધાન ગણી,
નાખી બેડાં પનઘટપર દુખની વાતો કરેછે થોડી ઘણી-

૩

ચોથી સુંદર કહે કરમમાં મળ્યો છાકટો પતી હરી,
દારૂ પીને આવે પછી મને મારવા દોડે લઈને છરી.
કોઈ વેળા રસ્તેથી સિપાઈઓ ચોકીમાં લઈ જાએ ધરી,
દંડ તુરંગનો દીએ નહીં પછી ખાય તુરંગમાં પડીપડી.
લોક લાજને તજી ફરે છે મારી કદર તેને નથી જરી,
રાતને દાહાડો રહું બેનીઓ ફેલથી એનાં ડરી ડરી.
ફીકર કે ચિંતા નથી તેને કાંઈ કરતો ફરેછે ફના ફની.
નાખી બેડાં પનઘટપર દુખની વાતો કરેછે થોડી ઘણી.

૪

પાંચમી સુંદર કહે બેનીઓ ધ્યાંન ધરી સમજો પ્યારી,
રાતને દાહાડો મોજ કરે પતી બારે માસ જઈને વાડી,
વાડી ગાડી તેની પથારી કદર નહીં તેને મારી,
પરણી ત્યારથી પડી છું ઘરમાં કરમે કીધી છે ખ્વારી.
કેમ કરી મારો જશે જનમ હવે કહો બેનીઓ ઉર ધારી,
કોણ બીજી ઠેકાની જણેલી મળી હશે એને નારી.
રાતને દાડો રાહા જોતી હું બેસું બારીએ બની ઠની,
નાખી બેડા પનઘટપર દુખની વાતો કરે છે થોડી ઘણી.

૫

છઠી સુંદર કહે સાસુ મારી વરને નહીં વરતાવે છે,
કામ કાજ હું કરૂ ઘેરનું દળણું સાથ દરાવે છે.
ટીપે ટીપનુ પાણી ઘેરમાં મારી પાસ ભરાવે છે,
સુવું થાકથી જરા તો વરને સીખવી માર મરાવે છે.

નરન લાડકી જરા જરામાં આવી દમ દેખડાવે છે,
દેરાંની જેઠાની મળી બેઉ નાંહક મુજને સતાવે છે.
મરતાંબી નહીં નજરને ઉચકી પતી જુએ છે મારી ભણી,
નાખી બેડાં પનઘટપર દુખની વાતો કરે છે થોડી ઘણી.

૬

સાતમી સુંદર કહે બેનો ભરથાર છે મારો ઘેડનો ઢેડ,
ભંગ પીએ છે દોલા ખાએછે નથી થતો તે કોઈથી જેર.
ભંગની કેફમાં આવીને ઘરમાં દોડે અહીંથી તહીં ચોમેર,
જોઇ મુવાના લકશણ ભુંડા લાગે છે બહું દીલમાં કેહેર.
આવો ભારે જુલમાત પતીનો ખમુ હવે હું કહો કયાં વેર,
પાણી ખાઈ મરસ હવે હું નથી આ મારી વાતમાં ફેર.
રોઈ રોઇને દીવસ ગુજારૂં સીવી સાંધી લોકોનું વણી,
નાખી બેડાં પનઘટપર દુખની વાતો કરેછે થોડી ઘણી.

૭

પાણી ભરીને સાતો સાહેલી ઘર આવવાને થઇ તૈયાર,
બેડાં લઈ માથાંપર નીકળી સાતો કુવાપરથી દીલકદાર,
નશરવાન ઉસતાદ કહે કરો યાદ એક દીલથી દાદાર.
પાર ઉતારસે ભવસાગરની સરવેનો પેદા કરનાર.
ફર્રરરાંમ ફરદુન ફરાંમ કહે સાત સાહેલીનો લલકાર,
અબદુલઅલી અબદુલહુસેન કહે સમજી ના કરતો તકરાર.
જડે ખ્યાલમાં લાલ અદલ દુશમનને મારે બરછીની અણી,
નાંખી બેડાં પનઘટપર દુખની વાતો કરેછે થોડી ઘણી.

સમાપ્ત.

એમ. એચ. મેહેરઅલીના

રચેલા તથા પ્રગટ કીધેલા

પુસ્તકોનું

મુખ્ય મથક

ચીંચબંદર
૩ જો રસ્તો,
મુંબઇ. } એમ. એચ. મેહેરઅલી

કાયદાઓ:—

૧—કોઇબી તરેહનો નાટપેડ કાગલ લેવામા આવશે નહીં.
૨—કોઇબી તરેહનો ખુલાસો જોઇતો હોયતો ઉપલા મુખ્ય મથકે પત્ર લખી જવાબ મંગાવવો.
૩—વેલીઉપેબલ પારસલથી પુસ્તકો મોકલવામા આવશે નહીં
૪—બહારગામથી મંગાવનારે કિંમત માટે પોસ્ટની અરધા આનાવાળી ટીકીટો બીડી મોકલવી અથવા મનીઆડર મોકલવું.
—વેંચવાને સામટી મંગાવનારને ઘણા કિફાયત ભાવે આપવામાં આવેછે.
" " નો પોસ્ટેજ લીધામાં આવતો નથી, એટલેકે (હમારે ખરચે)

પુસ્તકો મલવાના વિશેષ ઠેકાણાં:—

મુંબઇ—કોટ—જે. બે. કરાંણીની કું૦ બઝારગેટ સ્ટ્રીટમ ડી. મુકાદમ ધોબી તળાવ—નાનાભાઈ કરાણી કાલકાદેવી—વાડીના નાકે વસનજી પરમાણુંદ ચાહવાલા, ઇશ્વરદાસ લાયબ્રરી ગૈરે વીઠલવાડીને નાકે—પારસી ગલીમાં ઘડીયાલીની જોડે—બાળકૃષ્ણ લક્ષ્મણ બીડીબજાર—સર્વે બુકસેલર્સ માધવબાગ—વીઠલ વખુકૂંટ પૈ, વીગેરે! વીગેરે!! વીગેરે!!!